# ગુજરાત માહિતી આયોગ દ્વારા આરટીઆઈના કાયદા સંદર્ભે જનજાગૃત્તિ વર્કશોપ યોજાયો

## માહિતી અધિકાર અધિનિયમ હેઠળ રાજ્યભરમાં અત્યાર સુધીમાં ૧,૪૮,૯૦૭ અરજીઓનો નિકાલ



દેશના નાગરિકોમાં આર.ટી.આઈ. અધિનિયમ વિશે સતર્કતા અને જાગૃતિ કેળવાય તે હેતુથી ભારત સરકાર દ્વારા દર વર્ષે તારીખ ૫ થી ૧૨ ઓક્ટોબર દરમ્યાન આર.ટી.આઈ. સપ્તાહ ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે ગુજરાત માહિતી આયોગ દ્વારા આર.ટી.આઈ. જોગવાઈ અધિનિયમ વિશે જાગૃતિ લાવવા માટે ગાંધીનગર ખાતે એક દિવસીય વર્કશોપનું આયોજન કરાયું હતું.

આ વર્કશોપનો શુભારંભ કરાવતા મુખ્ય માહિતી કમિશ્નર શ્રી અમૃતભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ કાયદો સામાન્ય નાગરિકને શિક્ષિત કરવા માટે છે. નાગરિકો જેટલા જાણકાર હશે તેટલા સરકારી વ્યવસ્થાથી માહિતગાર થશે. જેનાથી વહીવટી તંત્રની જવાબદારી વધશે અને તંત્ર જવાબદેહી સાથે કામ કરશે. આ કાયદાથી સરકારી કામગીરીમાં વધું પારદર્શિતા આવી છે જેનાથી નાગરિકોનો સરકાર પર વિશ્વાસ વધ્યો છે.

ગુજરાત માહિતી આયોગના સચિવ હેમાંગભાઈ પુરોહિતે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, આજે ગુજરાત રાજ્ય માહિતી આયોગની સ્થાપનાને ૧૭ વર્ષ પૂર્ણ થયા છે. લોકશાહી શાસનમાં સરકારી તંત્રની કામગીરીથી નાગરિકો વધું માહિતગાર થાય અને જાહેર સત્તામંડળોના વહીવટમાં પારદર્શિતા જળવાય તે હેતુસર માહિતી અધિકારનો આ અધિનિયમ અમલમાં મુકાયો છે.

આ વર્કશોપમાં આર.ટી.આઈ. અધિનિયમ વિશે વધુ જાણકારી મળે તે હેતુથી વિવિધ વિષયો પર તજજ્ઞો દ્વારા વ્યાખ્યાનો યોજાયા હતા. જેમાં નિવૃત્ત મુખ્ય માહિતી કમિશ્નર શ્રી વી.એસ. ગઢવીએ ઈૈની તકો અને પડકારો ઉપર તથા પ્રો-એક્ટીવ ડિસક્લોઝર વિષય ઉપર નિવૃત્ત અધિકારી શ્રી એ.કે. ગણાત્રાએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. આર.ટી.આઈ. અધિનિયમ માટેના સુપ્રિમ કોર્ટ, હાઈ કોર્ટ, સેન્ટ્રલ ઈન્ફોરમેશન કમિશનના વિવિધ જજમેન્ટ્સ અંગે નિવૃત્ત નાયબ સચિવ શ્રી સી.એસ. ઉપાધ્યાયે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

આ પ્રસંગે રાજ્ય માહિતી કમિશ્નર શ્રી વિરેન્દ્રભાઈ પંડ્યા, રાજ્ય માહિતી કમિશ્નર શ્રી ડૉ. સુભાષ સોની, સામાન્ય વહીવટ વિભાગના સચિવ શ્રી ધનંજય દ્વિવેદી, માહિતી આયોગના અધિકારીઓ- કર્મચારીઓ તથા વિવિધ વિભાગના કર્મચારીઓ સહભાગી થયા હતા.



માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.



સેક્ટર ૨૧ માર્કેટ તાજેતરમાં કચરા માર્કેટમાં ફેરવાઈ ગયું છે. સાફ સફાઈનાં અભાવે ઠેર ઠેર ગંદકીથી માર્કેટ ખદબદી રહ્યું છે. માર્કેટમાં કચરાનાં ઢગલા દ્રશ્યમાન થઈ રહ્યા છે. ત્યારે સ્વચ્છતા સર્વેક્ષણમાં પાટનગરનો ક્રમાંક ગત વર્ષની સરખામણીએ ઘણો નીચે ઉતર્યો છે જેના માટે પણ આવા કચરાના ઢગ કારણભૂત માની શકાય..

# દિવાળી પહેલા ફરી એકવાર PM મોદી ગુજરાત આવશે

## રાજકોટમાં રોડ-શો તેમજ જનસભા અને અનેક વિકાસના કામો કરવામાં આવશે

રાજકોટ, તા.૧૧

પ્રધાનમંત્રી મોદી તેમનો ગુજરાત પ્રવાસ પુરો કર્યો છે, ત્યાં ફરી એકવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી આગામી દિવસોમાં સૌરાષ્ટ્રની મુલાકાત આવવાના છે. રાજકોટમાં પણ વડાપ્રધાનનો રોડ શો અને સભા યોજવાની છે. આગામી ૧૯ તારીખે યોજાનારા કાર્યક્રમને લઈને અત્યારથી જ તૈયારીઓનો ધમધમા શરૂ થઈ ગયો છે.રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ તેમજ રાજકોટ જિલ્લા કલેકટર સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.બેઠક બાદ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન ફરી આગામી તા.૧૯અને ૨૦ના રોજ રાજકોટના પ્રવાસે આવશે. આગામી તા.૧૯ના રોજ વડાપ્રધાન રાજકોટ આવશે અને રાજકોટમાં રોડ-શો તેમજ જનસભા અને અનેક વિકાસના કામો કરવામાં આવશે. વડાપ્રધાનના આગમનને લઈને લોકોમાં પણ અનોખો ઉત્સાહ હોવાની વાત મંત્રી જીતુ વાઘાણીએ કરી હતી.

# એક સાથે ૨૫૦ તબલાવાદકો દ્વારા વાદન

ગાંધીનગર, તા. ૧૧

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે તબલા તાલીમ સંસ્થા (સૌથી વધુ લોકો દ્વારા હાથથી સંગીત વાદ્ય વગાડવાના) ટાઈટલ દ્વારા 'ગીનીસ વર્લ્ડ રેકોર્ડ' કરવાનું આયોજન ૧૫મીએ શ્રેયસ ફાઉન્ડેશન ખાતે કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત તારીખ ૧૬મીએ સતત ૭૫ કલાક સુધી સંગીત વગાડીને ઈન્ડિયન બુક ઓફ વર્લ્ડમાં નામ નોંધાવાનો અથાગ પ્રયત્ન કરવામાં આવશે. આ પ્રોગ્રામમાં ૨૫૦થી વધુ વિદ્યાર્થી તબલાં વાદકો ભાગ લેશે.

# જેમણે લોકોનું લૂંટ્યું છે તે દેશને પાછું આપવું પડશે : નરેન્દ્ર મોદી

## ભ્રષ્ટાચાર વિરોધી કામ કરીએ તો એક ટોળું કાગારોળ કરી મુકતું હોવાનો વડાપ્રદાનનો કટાક્ષ : મોદીના વિપક્ષો પર આકરા પ્રહાર

જામનગર, તા.૧૧

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ત્રણ દિવસના ગુજરાત પ્રવાસનો છેલ્લો દિવસ હતો. તેમણે ચૂંટણી પ્રચારને લઈને પણ ગુજરાતના વિવિધ સ્થળોએ વિશાળ જનમેદનીને સંબોધન કરી જાદુ પાથર્યો હતો. ત્યારે હવે આજે અંતિમ દિવસે જામનગરથી જામકંડોરણા ગયા. જ્યાં તોઓ વિશાળ જળમેદનીને સંબોધિત કરી હતી. જે બાદ તેઓ અમદાવાદ જવા રવાના થયા.

વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યુ કે, આજે બે એવા પુરુષોની જન્મજયંતી છે જેઓ ભારત રત્નથી સન્માનિત કર્યા છે. આ બે છે જયપ્રકાસ નારાયણ અને નાનાજી દેશમુખ. મને નાનાજી દેશમુખ સાથે કામ કરવાનો મોકો મળ્યો છે. જયપ્રકાશ નારાયણના ભ્રષ્ટાચાર વિરોધી કામ કરી રહ્યા છે. આજે ભ્રષ્ટાચાર વિરોધી કામ કરીએ તો એક ટોળું કાગારોળ કરી મુકે છે. જેમને લોકોનું લૂંટ્યુ છે તે તેમને દેશને પાછું આપવું જ પડશે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યુ હતુ કે, 'મારા ગુજરાત અને ભારત સરકારમાં કામની શરૂઆત



રાજકોટની ધરતીથી થઈ હતી. રાજકોટે મને આશીર્વાદ આપી મોકલ્યો હતો. આ જલારામ બાપા અને મા શક્તિસ્વરૂપા આઈ ખોડિયાર માતાના આશીર્વાદની ભૂમિ છે.'

તેમણે વધુમાં જણાવ્યુ કે, 'ગુજરાતના આયોજન ઉત્તરોઉતર નવી ઉંચાઈઓ સર કરતા જાય છે, નવો નવો વિસ્તાર કરતા જાય છે. તેની પાછળ માત્ર સરકાર નહીં માત્ર નરેન્દ્ર-ભૂપેન્દ્ર નહીં પરંતુ તમારા જેવા સાથીઓની દિવસ-રાતની મહેનતના કારણે આ શક્ય બન્યું છે.'પીએમ મોદીએ જણાવ્યુ કે, 'સમુદ્ર કિનારે પહેલા માથે પડેલો લાગતો હતો પરંતુ હવે વેપાર કારોબાર માટે આકર્ષક બની રહ્યુ છે. આજે તો આપણે મોટરના સ્પેરપાર્ટ બનાવીએ છીએ. પરંતુ તૈયારીઓ કરો કે એવા દિવસો દૂર નથી કે, વિમાનના સ્પેર પાર્ટ બનાવવાના ઓર્ડર આવશે.'

# ભારતમાલા પ્રોજેક્ટના અસરગ્રસ્ત ખેડૂતો દ્વારા પ્રતિક ઉપવાસ આંદોલનનો પ્રારંભ થયો

## પહેલા દિવસે ઇસનપુર મોટા, મગોડી અને વડોદરા ગામના ખેડૂતો પ્રતિક ઉપવાસ પર બેઠા : પોલીસે અટકાયત કરી : સરકારની સતત અવગણનાથી ખેડૂતોમાં રોષ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં છેલ્લાં કેટલાંક દિવસોથી ભારતમાલા પ્રોજેક્ટના અસરગ્રસ્ત ખેડૂતો તેમની મહામૂલી ફળદ્રુપ જમીનો જે કપાતમાં જઈ રહી છે તેને બચાવવા આંદોલન કરી રહ્યાં છે. આજથી સત્યાગ્રહ છાવણી ખાતે ગાંધીનગર જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતોએ હિતરક્ષક સમિતિના નેજા હેઠળ વારાફરતી દરરોજ ત્રણ ગામના ખેડૂતોને પ્રતિક ઉપવાસ આંદોલન પર બેસવાનું આયોજન કર્યું છે જે અંતર્ગત આજે સવારે ઈસનપુર મોટા, મગોડી અને વડોદરા ગામના અસરગ્રસ્ત ખેડૂતો સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ પર ઉતરવા માટે બેઠાં હતાં. જોકે થોડીવારમાં જ પોલીસે તેમની અટકાયત કરી લીધી હતી પરંતુ હજુ પણ ખેડૂતો તેમનું ઉપવાસ આંદોલન ચાલુ રાખવા કટિબદ્ધ છે અને કરણી સેના અને આમ આદમી પાર્ટી જેવા વિવિધ સંગઠનો તેમના સમર્થનમાં આવી રહ્યાં છે પરંતુ હજુ સુધી કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર કે સ્થાનિક સાંસદ તરફથી કોઈ પ્રતિભાવ પ્રાપ્ત થઈ નથી રહ્યો તેના કારણે ખેડૂતોમાં રોષની લાગણી વધતી જઈ રહી છે. આજે સવારે નિયત કાર્યક્રમ અનુસાર ભારતમાલા પ્રોજેક્ટના અસરગ્રસ્ત ખેડૂતોએ શેખાવતે ખેડૂત પ્રતિનિધિઓ અગાઉ મુલાકાત કરીને ખેડૂતોને સમર્થન આપવાની હૈયાધારણા

### દરરોજ ત્રણ ગામના ખેડૂતો વારાફરતી પ્રતિક ઉપવાસ કરશે

તારીખ : ૧૧/૧૦/૨૦૨૨
૧) ઈસનપુર મોટા
૨) મગોડી
૩) વડોદરા

તારીખ : ૧૨/૧૦/૨૦૨૨
૧) ગલુદણ
૨) શોભાસણ
૩) છાલા

તારીખ : ૧૩/૧૦/૨૦૨૨
૧) હાલીસા
૨) પરબતપુરા
૩) વેડા

તારીખ : ૧૪/૧૦/૨૦૨૨
૧) ગીયોડ
૨) પીપલજ
૩) જલુન્દ્રા મોટા

તારીખ : ૧૫/૧૦/૨૦૨૨
૧) દોલારાણા વાસણા
૨) બાલવા
૩) ઉનાવા

સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ આંદોલનનો પ્રારંભ કર્યો હતો અને જિલ્લાની ભારતમાલા પ્રોજેક્ટના અસરગ્રસ્ત ખેડૂત હિતરક્ષક સમિતિ દ્વારા નિયત કરાયા અનુસાર ઈસનપુર મોટા, મગોડી અને વડોદરા ગામના અસરગ્રસ્ત ખેડૂતો અન્ય ખેડૂત અગ્રણીઓ સાથે ઉપવાસ પર બેઠાં હતા જેમની થોડીવાર પછી પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. બીજી તરફ પ્રાપ્ત માહિતી અનુસાર કરણી સેનાના અગ્રણી રાજ આપી હતી અને તેમણે આ અંદોલનને ગામેગામ સુધી લઈ જવાની તૈયારી દર્શાવી છે તેવું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. આ સાથે થોડા દિવસ પહેલાં આમ આદમી પાર્ટીના વિદ્યાર્થી નેતા આંદોલનકારી યુવરાજસિંહ જાડેજાએ પીંપળજ ગામે અસરગ્રસ્ત ખેડૂતો સાથે મુલાકાત યોજીને સંવાદ કર્યો હતો જેમાં તેમણે આ લડતમાં આપ પાર્ટી ખેડૂતોની પડખે હોવાનો ખેડૂતોને વિશ્વાસ આપ્યો હતો. આંદોલન



અને દેખાવોની વચ્ચે અસરગ્રસ્ત ખેડૂતો સાથે કેન્દ્ર કે રાજ્ય સરકારના કોઈ મંત્રીએ મુલાકાત કરીને તેમની વ્યથા સાંભળવા કોશિષ કરી નથી તેથી ખેડૂતો તેમની અવગણનાથી અકળાયાં છે અને ખેડૂતોમાં રોષની લાગણી વધી રહી છે.

અસરગ્રસ્ત ખેડૂતોના જણાવ્યાં અનુસાર સ્થાનિક સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના કાર્યાલયે અનેકવાર રજુઆતો તેમજ લાગતા વળગતાઓ દ્વારા સંદેશ પાઠવવા ઉપરાંત પીંપળજના અસરગ્રસ્ત ખેડૂતો દ્વારા લખવામાં આવેલા પોસ્ટકાર્ડ્સ વગેરેનો પણ સાંસદ કે તેમના કાર્યાલય તરફથી કોઈ જ પ્રત્યુત્તર પાઠવવામાં આવ્યો નથી જેથી પોતાના લોકપ્રતિનિધિના આ વલણ પ્રત્યે ખેડૂતો નારાજગી વ્યક્ત કરી રહ્યાં છે જેની અસર આગામી ગુજરાત વિધાનસભાની ચુંટણીઓ પર પણ પડી શકે છે તેવી શક્યતાઓ સર્જાઇ રહી છે. આ સાથે ગાંધીનગર જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતોએ હાલ પુરતી દરરોજ વારાફરતી ત્રણ ગામના ખેડૂતોના સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ આંદોલન પર બેસવાની વ્યુહરચના ઘડી કાઢી છે જેથી ખેડૂતોના રોજીંદા કાર્યોને અસર ના પંહોચે. આ રણનીતિ અનુસાર હવે બુધવારે ગલુદણ, શોભાસણ અને છાલા ગામના ખેડૂતો ઉપવાસ પર બેસશે.

# આજથી ભાજપની ગૌરવ યાત્રાનો પ્રારંભ

## મહેસાણા જિલ્લામાં હાર્દિક પટેલની પ્રવેશબંધી હોવાથી શરૂઆતમાં નહીં જોડાઈ શકે

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી એક્શન પ્લાન ઘડી રહ્યા છે. ગુજરાતમાં પોતાનો લક્ષ્યાંક હાંસલ કરવા માટે ભાજપ ૧૨ ઓક્ટોબરથી 'ગૌરવ યાત્રા'નો પ્રારંભ કરાવશે. ઉત્તર ગુજરાતની યાત્રામાં નિતીન પટેલ અને હાર્દિક પટેલ જોડાવવાના હતા. પરંતુ આવતીકાલથી શરૂ થઈ રહેલી ઉત્તર ગુજરાતની ગૌરવ યાત્રા પહેલાં ભાજપે મોટા ફેરફાર કર્યા છે. ભાજપની ઉત્તર ગુજરાતની ગૌરવ યાત્રામાંથી હાર્દિક પટેલના નામની બાદબાકી કરવામાં આવી છે.

મહત્વનું છે કે, ભાજપની ગૌરવ યાત્રાની શરૂઆતમાં હાર્દિક પટેલ નહીં જોડાઈ શકે, કારણ કે મહેસાણા જિલ્લામાં હાર્દિક પટેલની પ્રવેશબંધી હોવાથી શરૂઆતમાં નહીં જોડાઈ શકે. પાટીદાર અનામત આંદોલન દરમિયાનના એક કેસમાં હાર્દિક પર મહેસાણા જિલ્લામાં પ્રવેશબંધી હોવાથી યાત્રામાં હાજર નહીં રહી શકે. અમદાવાદ જિલ્લામાં યાત્રા પ્રવેશ્યા બાદ હાર્દિક પટેલ જોડાશે. વિરમગામ અને હાંસલપૂરમાં હાર્દિક પટેલ જોડાશે.

આવતીકાલ (૧૨ ઓક્ટોબર)થી વિધાનસભા ચૂંટણી માટે ભાજપનો પ્રચાર પ્રસાર શરૂ થઈ રહ્યો છે. રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા બંને ગૌરવ યાત્રાની શરૂઆત કરાવશે. મુખ્યમંત્રી અને ભાજપ અધ્યક્ષ પણ સાથે રહેશે. ગૌરવ યાત્રામાં ભાજપે અનેક દિગ્ગજોને જોડયા છે. જેમાં ઉત્તર ગુજરાતની યાત્રામાં નીતિન પટેલ અને હાર્દિક પટેલ જોડાશે. જ્યારે સૌરાષ્ટ્ર યાત્રામાં પ્રભારી ભૂપેન્દ્ર યાદવ, પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી જોડાશે.

### હરણફાળ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રિસર્ચ ઈન્ટિટ્યૂટના ૧-સી બ્લોક તથા યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરની નવનિર્મિત ઈમારતનું લોકાર્પણ, સોલા સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ન્યૂ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, ભીલોડા અને અંજાર ખાતે સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ તથા અસારવા સિવિલ કેમ્પસમાં મેડિકલ ગર્લ્સ હોસ્ટેલ અને રૈનબસેરાનું ખાતમુહૂર્ત કર્યુ હતું.

તેમણે રાજ્ય સરકારના ''વન ગુજરાત-વન ડાયાલિસિસ'' કાર્યક્રમ અંતર્ગત કુલ ૧૮૮ ડાયાલિસિસ સેન્ટર તથા રાજ્યમાં જિલ્લા મથકો પર ૨૨ (બાવીસ) ડે કેર કિમોથેરાપી સેન્ટરનો શુભારંભ કરાવ્યો અને નવિન ૧૮૮ ડાયાલિસિસ સેન્ટર સાથે ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ (ર્હ્ઠ) અંતર્ગત રાજ્યમાં કુલ ૨૭૦ નિઃશુલ્ક ડાયાલિસિસ સેન્ટરો કાર્યરત કરાવ્યા હતા.

ડબલ એન્જિન સરકારથી નાગરિકોને થતા લાભનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, વિશ્વની સૌથી મોટા આરોગ્ય વીમા કવચ પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના અને ગુજરાતની મા યોજનાનું સંકલન આજે ગુજરાતના ગરીબો અને મધ્યમવર્ગીય પરિવારોની ચિંતા દૂર કરીને આરોગ્ય સુખાકારીમાં વધારો કરી રહ્યું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની સાડા ૬ કરોડની જનતાને આરોગ્ય સુરક્ષા-સુખાકારી માટે રૂ. ૧૨૭૫ કરોડના વિવિધ પ્રકલ્પોની ભેટ આપી છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી એવા લોક નેતા છે, જે લોકોની નાડ પારખીને તેમને જોઈતી સુવિધાઓ આપવાનું સમયબદ્ધ આયોજન કરે છે. આજે આપણે જે મેડિસીટીનું આધુનિક સ્વરૂપ જોઈ રહ્યા છીએ તે શ્રી નરેન્દ્રભાઈના વિઝનને આભારી છે, એવું તેમણે ઉમેર્યંસ હતું.

રાજ્યના આરોગ્ય માળખાની વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, અમદાવાદ સિવિલ મેડીસિટીનો વિકાસ પણ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ગુજરાતની વિકાસ યાત્રાની સાથે-સાથે થયો છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રીનો કાર્યભાર સંભાળ્યો ત્યારથી જ અમદાવાદ સિવિલ હોસ્પિટલ સહિત રાજ્યના આરોગ્ય માળખાને સુદૃઢ કરવા માટેની પહેલ કરી દીધી હતી. અસારવાનું આ મેડીસિટી જનતા માટે આરોગ્ય સેવા મેળવવાનું 'ઓલ ઈન વન સેન્ટર' બન્યું છે, એમ તેમણે ઉમેર્યુ હતું.

વડાપ્રધાનશ્રીએ ડાયાલિસિસના અને ડે-કેર કિમો થેરાપીના દર્દીઓ સાથે સંવેદનાસભર સંવાદ સાધ્યો હતો. મોરવા હડફના દર્દી ખેડૂત શ્રી ભીમસિંહ બારીયા, જુનાગઢના મુકેશકુમાર સંઘવી અને વઘઇના મનોજભાઇ ચૌધરીની સ્વાસ્થ્ય પૃચ્છા કરીને તંદુરસ્ત જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.

### સ્થગિત કરાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાચા-પાકાં ઘર બનાવવામાં આવ્યાં છે તેને નિયમિત કરી આપવા અને ગાંધીનગર શહેર સમકક્ષ સુવિધાઓ પૂરી પાડવા અંગે અસરગ્રસ્ત વસાહત મહામંડળ દ્વારા લડત ચલાવાઈ રહી છે. આ લડત અંતર્ગત ગત તા.૮મી ઓક્ટોબરથી અસરગ્રસ્ત વસાહતીઓ દ્વારા ઈન્દ્રોડા ગામના ઈન્દ્રાણી માતાના મંદિરે પ્રતિક ઉપવાસ આંદોલનની શરૂઆત કરી હતી જેના ચોથા દિવસે પાટણના સાંસદ ભરતસિંહ ડાભીએ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન તેમણે વસાહતીઓને તેમનું આંદોલન સ્થગિત રાખવા અને તેમની રજુઆતને મુખ્યમંત્રી સુધી લઈ જઈ વાટાઘાટો કરવાની હૈયાધારણ આપી હતી જેને અનુલક્ષીને ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મહામંડળ દ્વારા આ પ્રતિક ઉપવાસ આંદોલનને હાલ પૂરતું સ્થગિત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે આ સાથે વસાહત મહામંડળ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે કે જો તેમની માગણીઓનો સરકાર દ્વારા હકારાત્મક ઠરાવ સ્વરૂપે નિર્ણય કરવામાં નહીં આવે તો તેમના આંદોલનને સત્યાગ્રહ છાવણી ખાતે પુનઃ પ્રારંભ કરવામાં આવશે.

### ગંદકીના થર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઠેકાણે ફુટપાથ તુટેલી હાલતમાં જોવા મળે છે. કોરોના કાળ બાદ ફુટપાથની જાળવણી કરવામાં આવી નથી જેના લીધે છેલ્લા ત્રણ વર્ષથી ફુટપાથ અત્યંત કંગાળ હાલતમાં જોવા મળે છે. જયારે શહેરમાં હાથ ધરવામાં આવતી ખોદકામગીરીના લીધે વોક વે ચિથરેહાલ બન્યો છે. પાટનગર યોજના વિભાગ કક્ષાએથી આ મામલે વિભાગને કરવામાં આવેલી રજુઆતના અંતે પણ હજુ સુધી ફુટપાથના ગાબડા પુરવા માટે કોઈ આયોજન કરવામાં આવ્યુ નથી. શહેરની ફુટપાથ ચિથરેહાલ છે. એપ્રોચ માર્ગના વાઈડનીંગની તેમજ અગાઉ હાથ ધરાયેલી સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી દરમિયાન પણ ફુટપાથ વેરવિખેર થઈ જતા વોકીંગ કરનારાઓ પણ ગોથુ ખાઈ જાય તેવી સ્થિતિ છે. જયારે વોક વે ના ગાબડા પુરાયા નથી ત્યારે ફુટપાથની સફાઈ પણ કરવામાં આવતી નથી. પાટનગરના વન આરક્ષિત વિસ્તાર અને ફુટપાથ પર ગંદકીના થર જામતા જાય છે. ત્યારે સ્થાનિક નાગરિકોએ પણ ત્વરિત સફાઈ કામ હાથ ધરવા માટે રજુઆત કરી છે.

### વધુ ૪ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭૬૭ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસો મળવાના શરૂ થયા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો વધુ એક કેસ નોંધાયો છે. શહેરના સે. ૬માં ૭૦ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વૃદ્ધાએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેર-જિલ્લામાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ સર્વેલન્સ સઘન કરવા ઉપરાંત વેક્સિનેશન અભિયાન સઘન બનાવવા અને જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તંત્રએ તાકીદ કરી છે.

### બગીચાને અપાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લેવાય છે. જેને અનુલક્ષી ફલશ વોટર રીસાઈકલીંગ પ્લાન્ટ કાર્યરત કરવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરના સેકટરોમાં પણ પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે તંત્ર દ્વારા પુરતો સપ્લાય આપવામાં આવે છે. નર્મદા ઉપરાંત સેકટરોમાં કાર્યરત બોરનો પણ સપ્લાય આપવામાં આવે છે. જો કે પાણીના બોરનો ઉપયોગ લાઈન ભરવા પુરતો જ થાય છે. જયારે સેકટરોમાં પાણીની પોકાર ન ઉઠે તે માટે ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પણ સપ્લાય વધારી દેવામાં આવે છે. શહેરમાં સ્થિત સરકારી કચેરીઓમાં પણ પાણીના વપરાશ અને સાથે બગાડ પણ વિશેષ થાય છે. ત્યારે સચિવાલય સંકુલમાં પણ પ્રતિદિન સપ્લાય થતા ૧૫ એમ એલ ડી પાણીની સામે ૫૦ ટકા તો બગીચાઓની હરિયાળી તાજી રાખવા તેમજ ટોઈલેટ બ્લોકમાં ફલશમાં વપરાય છે. જેને અનુલક્ષીને ફલશ વોટર રીસાઈકલીંગ પ્લાન્ટ કાર્યરત કરવા માટે વિચારણા કરવામાં આવી છે. શહેરમાં પીવાના પાણીની વ્યવસ્થા માટે નર્મદામાંથી સપ્લાય આપવામાં આવે છે. અલબત્ત નર્મદાનુ પાણી સપ્લાય કરવા છતા વર્ષ ૨૦૧૯ માં એવી સ્થિતિ સર્જાઈ હતી કે સરદાર સરોવર સ્ત્રાવ વિસ્તારમાં વરસાદ ન પડે તો પાણીનુ વ્યવસ્થાપન ખોરવાઈ જાય આવા સંજોગોમાં સરકારે પણ પાણીનો ઉપયોગ જાળવીને કરવા માટે ટકોર કરી હતી. જેના અંતે પાણીનો વપરાશ અને વેડફાટ ન થાય તે માટે પણ સર્વે હાથ ધરાયો હતો. જયારે સચિવાલય સંકુલમાં પણ પાણીનો બગાડ અટકાવવા માટે આ રીસાઈકલીંગ પ્લાન્ટ કાર્યરત કરવા માટે સુચન કરાયુ હતુ. આ પ્લાન્ટના આધારે પ્રતિદિન ૮ મિલીયન લીટર પાણીનો બચાવ થાય તેવુ પણ તારણ અભ્યાસના અંતે સ્પષ્ટ થયુ હતુ. જેના અંતે આ દિશામાં વિચારણા હાથ ધરવામાં આવી છે. જયારે નગરના અન્ય ઉદ્યાનોને પાણી સપ્લાય કરવા માટે દુષિત પાણી શુધ્ધ કરીને સપ્લાય આપવામાં આવી રહ્યો છે. ત્યારે સચિવાલય સંકુલમાં પણ આ યોજનાના આધારે કામ થઈ શકે તેમ છે. આપ પ્લાન્ટ કાર્યરત કરવા માટે જગ્યાનો પણ પ્રશ્ન નથી જયારે અત્યાધુનિક સિસ્ટમના આધારે કામ પણ સરળતાથી થઈ શકે તેમ છે. જેના લીધે શહેરમાં પાણીની બચત પણ વિશેષ થાય તેમ છે.